





## ભાગ – ૩

# દૂધનું દૂધ અને પાણીનું પાણી

### વાંચો વિચારો અને સમજો કે

## ધોળું તેટલું દૂધ નથી હોતું

ન્યોછાવર : નિઃશુલ્ક વિતરણાર્થે

# શ્રી યમુના પ્રદૂષણ મુક્તિ

**શ્રીયમુનાજીના આધિદૈવિક આધ્યાત્મિક તથા આધિભૌતિક રૂપોના સન્દર્ભમાં** (શ્રીયમુના ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ ના ઉપક્રમે શ્રીયમુના જળ પ્રદૂષણ નિવારણ હેતુ ૧-૭-૧૨ ના
(આયોજિત વૈષ્ણવ સંમેલનમાં પ્રસ્તુત કરેલ લેખ)

**નિવેદક : ગોસ્વામી શરદ્**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫, ૯૯૦૯૦૩૫૨૩૧
gosharad@rediffmailcom,
www.pushimarg.net, http://vallabhcharyavidyapeeth.org/

**:: પત્રિકા પ્રાપ્તિસ્થાન ::**
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, ૨૧૪- અમરદિપ કોમ્પ્લેક્ષ,
૨-રજપુતપુરા, રાજકોટ. મો. ૯૪૨૭૪૯૫૧૫૯
* **સંકલનકર્તા : શ્રી વલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ આણંદ.**

શ્રીના અસીમ કૃપા પાત્ર,

ભાઈશ્રી / બહેનશ્રી, ........................................

## નૂતનવર્ષાભિનંદન

નવું વર્ષ આપ સૌને શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં **પુષ્ટિ અસ્મિતા** વધારનારૂં અને **શ્રી યમુના પ્રદૂષણ મુક્તિ**ની ભાવના દૃઢ કરનારૂં બને તેવી શુભકામના.

શેષ ભગવદ્ ઈચ્છા સાથે સદૈન્ય ભગવદ્ સ્મરણ.

મોકલનાર : ........................................

# શ્રી યમુના પ્રદૂષણ મુક્તિ

## પગથીયાં


| ક્રમ | વિષય | | પાનું |
|---|---|---|---|
| ૧. | ત્રિવિધરૂપોની સમજણ | .... .... .... | ૧ |
| ૨. | * હકિકત એ છે કે.... | .... .... .... | ૫ |
| ૩. | યમુનાજીમાં પ્રદુષણો | .... .... .... | |
| | (અ) આધિભૌતિક | .... .... .... | ૮ |
| | (બ) આધ્યાત્મિક<br>(ક) આધિદૈવિક | .... .... .... | ૯ થી ૨૨ |
| ૪. | ઉપસંહાર | .... .... .... | ૨૨ |
| ૫. | કર્તવ્ય | .... .... .... | ૨૩ |





# શ્રી યમુના પ્રદૂષણ મુક્તિ


## ઉપક્રમ-વસ્તુમાત્રના ત્રિવિધ રૂપો

ઈશ્વરે જગત્‌ને મનુષ્યના ભોગાર્થે સર્જ્યું છે એવી સેમેટિક ધર્માનુયાયીઓની માન્યતાથી વિરુદ્ધ ભારતીય વૈદિક ધર્મ-દર્શન જગત્‌ને પોતાની ક્રીડાર્થે ભગવાને પ્રકટ કર્યું છે એવી માન્યતા ધરાવે છે. આથી પણ એક ડગલું આગળ વધીને વેદ કહે છે કે જગત્‌રૂપે સ્વયં ભગવાન જ બન્યા છે. આથી જ જગતના બધા જ ભૌતિક રૂપોનું આધ્યાત્મિક જ નહીં, આધિદૈવિક સ્વરૂપ પણ વેદ સ્વીકારે છે.

સામાન્ય રીતે જોતાં, વસ્તુ કે વ્યકિત નું જે પક્ષ (* પડખુ-પાસુ), આનન્દપ્રધાન અધિષ્ઠાતા, કર્તા કે મૂલકારણ રૂપ હોય તે તેનું **આધિદૈવિક** રૂપ કહેવાય છે. ચિત્પ્રધાન, આત્મા/અભિમન્તા, કારણ કે અવાન્તર કાર્યરૂપ પક્ષ હોવાથી **આધ્યાત્મિક** ગણાય છે. જ્યારે આધ્યાત્મિક અને આધિદૈવિકનો વિભેદક, સત્પ્રધાન, અધિષ્ઠાન કે કાર્યરૂપ **આધિભૌતિક** ગણાય છે. (* આ સમજવામાં સરળતા રહે માટે ઉદાહરણ જોઈએ).

ઉદાહરણ તરીકે જોઈએ

**પૃથ્વી :** આપણે જેના ઉપર વસી રહ્યા છીએ તે પૃથ્વી **આધિભૌતિક** છે. "કલ્યાણસૂકત નામાનિ હરેર્નામૈકમંગલમ્, કુર્વન્તિ વિક્રયં



યે વૈ તેષાં ભારેણ પીડિતા " **(બ્રહ્મવૈવર્તપુરાણ)** અર્થાત : "કલ્યાણકારી હરિના નામોનો કથા-કીર્તન દ્વારા જે વિક્રય કરે છે તે દુષ્ટોના ભારથી હું પીડિત છું " આવી દુઃખી હૃદયે પ્રાર્થના કરનારી પૃથ્વી **આધ્યાત્મિકી** છે. જ્યારે કે વિષ્ણુપત્ની પૃથ્વી **આધિદૈવિકી** છે.

**યમુના :** 'સિદ્ધાન્તમુકતાવલી' ગ્રન્થમાં "યથા જલં તથા સર્વં યથા શકતા તથા બૃહત્, યથા દેવી તથા કૃષ્ણઃ" માં જણાવ્યા પ્રમાણે યમુનાનું જલ-નદી રૂપ **આધિભૌતિક** છે. તીર્થ રૂપ **આધ્યાત્મિક** છે. જ્યારે દેવી યમુના **આધિદૈવિક** છે. દ્રષ્ટિભેદથી દેવી યમુનાના પણ ફરી ત્રિવિધ રૂપો વિચારી શકાય છે.

તાપાત્મક રવિમંડલસ્થિત નારાયણના હૃદયમાંથી પ્રકટ થયેલ નિર્ગુણ **પુષ્ટિભક્તિની અધિષ્ઠાતૃ તુર્યપ્રિયા રૂપા યમુના, પદ્મબન્ધો સુતા યમુના અને કાલિન્દી યમુના.**

કેટલી સૂક્ષ્મ દ્રષ્ટિ છે ભારતીય ધર્મ-દર્શનની !

વિચાર કરો કે ભારતમાં કયારે પણ આવ્યો ન હોય એવો કોઈ પરદેશી આપણા ધર્મગ્રન્થો દ્વારા ભારતીય ધર્મ-દર્શનની આ સૂક્ષ્મ દૃષ્ટિથી પરિચિત થાય કે ભારતીયો પર્વત, નદી, તળાવ, કૂવા, સરોવર, વૃક્ષો, પશુ, પક્ષી, વાયુ, આકાશ, દિશા વગેરેમાં તેના અધિદેવને પૂજે છે, તો તેના મનમાં ભારતના પર્યાવરણ વિશે કેવી માન્યતા બંધાય ! શું એ કદાપિ એવું કલ્પી પણ શકે કે



ભારતની કોઈ નદીમાં પ્રદૂષણ હોઈ શકે ! આ, પરન્તુ, એક કડવું સત્ય છે.

### * "હકિકત એ છે કે ............"

હરિયાણા રાજ્ય અને દિલ્લી શહેરને પાણી પુરું પાડવા માટે યમુનાજી ઉપર ડેમ બાંધીને યમુનાજીનું બધું પાણી રોકી દેવામાં આવ્યું છે. તેથી દિલ્લી શહેર પછી ઉપરવાસમાં ભારે વરસાદ હોય તેટલા દિવસો સિવાયના વર્ષના લગભગ ૧૧ મહીના **વૃન્દાવન - મથુરા - ગોકુળ વગેરે કોઈ પણ સ્થળે યમુનાજીનું જળ વહેતું જ નથી.** નદી જો સાવ કોરી થઈ જાય તો વાસ્તવિકતા છતી થઈ જાય અને પ્રચંડ લોકવિરોધ થાય. તેથી લોકોની આંખમાં

ધૂળ નાખવાના બદ ઈરાદાથી સરકાર પ્રતિદિન ૩૩ કરોડ લીટર મળ-મૂત્રવાળું દિલ્લી શહેરની ગટરોનું તથા અસંખ્ય કારખાનાઓનું ઝેરી પાણી **યમુના નદીના પટમાં છોડે છે** જેને શ્રદ્ધાળુ અજ્ઞાનવશ યમુનાજળ સમજીને વૃન્દાવન-મથુરા-ગોકુળ વગેરે સ્થળે તેમાં સ્નાન-પાન વગેરે કરે છે.

વૈશ્વિક સ્તરે જો નજર કરવામાં આવે તો એક જબરદસ્ત વિરોધાભાસ અનાયાસ નજરે ચઢે છે. સનાતન વૈદિક ધર્મેતર ધર્માવલમ્બી તેમજ અનીશ્વરવાદી જે દેશો નદીઓને માતા નથી માનતા છતાં તે દેશોની નદીઓ એટલી પ્રદૂષિત નથી કે જેટલી પ્રદૂષિત, નદીઓને માતા માનનારા ભારત દેશની નદીઓ છે.



ભૌતિકવાદી હોવાનો જે પશ્ચિમી દેશો ઉપર આપણે સતત આક્ષેપ કરતા રહ્યા છીએ તેવા ઘણા દેશોએ જલપ્રદૂષણ પ્રત્યે આપણા કરતાં ઘણી વહેલી જાગૃતિ બતાવી છે અને તેનો ઉકેલ લાવવામાં પણ તેઓ ઘણા અંશે સફળ બન્યા છે.

જો કે આ કાર્યમાં આપણા દ્વારા વિલમ્બ પારાવાર થઈ ગયો છે છતાં સંકલ્પ શુભ હોય અને પ્રબલ ઈચ્છા શક્તિ હોય તો કાર્ય અસંભવ નથી. **બીજું કંઈ શક્ય બને કે ન બને પણ એક સંકલ્પ તો આપણે સહુએ લેવોજ જોઈએ કે કમસે કમ આપણે તો તીર્થોમાં પ્રદૂષણ ફેલાવવામાં નિમિત્ત ન જ બનીએ.**

એક વાત નિશ્ચિત છે કે આ કાર્ય સરકાર સિવાય બીજું કોઈ કરી ન જ શકે. તેથી કઠોર કાયદાઓ બનાવીને તેનો સરકાર દ્વારા અસરકારક અમલ કરાવીને, આ કાર્યને સફળતા પૂર્વક પાર પાડવા માટે સંગઠિત થવું આવશ્યક છે, તન-મન-ધનથી આ કાર્યમાં સહયોગી બનવું જોઈએ.

## યમુનાપ્રદૂષણ

યમુના જળમાં પ્રદૂષણની વાત જ્યારે ચાલી રહી છે તો એ પણ ભૂલવું ન જોઈએ કે કૃષ્ણાવતારના સમયે પણ કાલિય નાગથી યમુના પ્રદૂષિત બની હતી. ત્યારે **"વિલોક્ય દૂષિતાં કૃષ્ણાં કૃષ્ણઃ કૃષ્ણાહિના વિભુઃ, તસ્યા વિશુદ્ધિમન્વિચ્છન્ સર્પં તમુદવાસયત્"**



(ભાગ.પુરા. ૧૦-૧૬-૧) કાલિયથી પ્રદૂષિત યમુનાને જોઈને તેને શુદ્ધ કરવા માટે ભગવાન્ શ્રીકૃષ્ણે કાલિયને યમુનામાંથી દૂર કર્યો હતો. આજે, પરન્તુ, મળ-મૂત્ર અને ઝેરી-પ્રદૂષિત પાણી વાળા અસંખ્ય કાલિય નાગોથી યમુના નદીનો પટ આધિભૌતિક પ્રદુષણોથી ખદબદી રહ્યો છે. અત્યારે તો અનાવતારકાળ છે. સાધનથી સિદ્ધિનો સમય છે. જે કરશે તે પામશે. તેથી પ્રયત્નો આપણે જ કરવાના છે. **સ્વામી સ્વસ્ય કરિષ્યતિ !**

## યમુનાજીના આધ્યાત્મિક અને આધિદૈવિક પક્ષોમાંના પ્રદૂષણો

વહેતું પાણી 'નદી' કહેવાય છે. પ્રદૂષણ ગમે તેમાં થઈ

શકે. પ્રદૂષણ નદીમાં પણ થઈ શકે છે. પણ આપણી સમસ્યા આટલી નાની નથી. આપણે ત્યાં નદીના ભૌતિક પાસા સિવાય તેના **આધ્યાત્મિક તીર્થ** અને **આધિદૈવિક પાસા** પણ માન્ય થયા છે. આપણે ત્યાં પ્રદૂષણ નદીના કેવળ ભૌતિક પાસામાં જ છે એવું નથી, નદીનું તીર્થ રૂપ પણ પ્રદૂષિત બન્યું છે. ભગીરથે ગંગાજીને જ્યારે ભૂતલ ઉપર પધારવા પ્રાર્થના કરી ત્યારે ગંગાજીએ દુરાચારી-પાપીઓથી પોતાના તીર્થરૂપતા દૂષિત થવાની ભીતિ પ્રકટ કરી હતી. તેજ પ્રમાણે નદીના દેવી સ્વરૂપને પણ આજે દૂષિત-અપમાનિત કરવામાં આવી રહ્યું છે.

કૃષ્ણાશ્રય ગ્રન્થમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય લખે છે :



**"(કલૌ) ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ, તિરોહિતાધિદૈવેષુ"**

જલપ્રદૂષણની વાતોના આ બે (* આધ્યાત્મિક અને આધિદૈવિક) પાસાઓમાં ફેલાયેલા પ્રદૂષણનું નિવારણ કરવાનું વિસરાઈ ન જાય તે ખાસ જોવું રહ્યું.

તીર્થમાં સ્થાનની મહત્તા હોય છે. નદિઓ પાણી હોવાને કારણે તીર્થ નથી ગણાતી પરન્તુ શાસ્ત્રદ્વારા નિર્ધારિત થયેલ સ્થાનમાં પાણી વહેતું હોવાને કારણે, સ્થાનના માહાત્મયને કારણે, તે નદી-પાણી તીર્થરૂપ ધારણ કરે છે.

તીર્થને લૌકિક ઈન્દ્રિયોથી જોઈ નથી શકાતું. તીર્થનું જ્ઞાન કેવળ શાસ્ત્રથી જ થઈ શકે છે. તેથી જ તીર્થમાં કેવો વ્યવહાર

કરવો તે બાબતમાં શાસ્ત્રે જે વિધિ-નિષેધો કર્યા છે તેનું પાલન કરવું અનિવાર્ય છે. જો તેમ કરવામાં ન આવે તો તીર્થાપરાધ થાય છે. **"અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ, તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ"** (* અર્થાત : અન્ય ક્ષેત્રમાં થયેલા પાપો તીર્થક્ષેત્રમાં નાશ પામે છે. જ્યારે તીર્થક્ષેત્રમાં કરેલા પાપો તો વજ્રલેપ થઈ જાય છે.) પ્રસિદ્ધ ઉકિત અનુસાર આચાર્યચરણ સિધ્ધાંત મૂકતાવલીમાં આજ્ઞા કરે છે કે **"ભકત્યભાવેતુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ અન્યથાભાવમાપન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ"** અર્થાત્ આરૂઢ પતિત થવાય છે.

શ્રીગુસાંઈજીના સેવક કિશોરીબાઈએ શ્રીયમુનાજીમાં જૂઠણ



વાસણ ધોયા તે અપરાધથી તેમનું આખું શરીર અપંગ થઈ ગયું, પીંગળા બની ગયા જે ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક. ૨૦૯ પ્રસંગ -૩ માં પ્રસિદ્ધ છે. **તેથી તીર્થની મર્યાદાનો લોપ જો ભક્ત પણ કરે તો તે દંડિત થાય છે.**

તીર્થાપરાધથી યાત્રાળુઓને બચાવવા માટે જ આપણા ધર્મશાસ્ત્રોએ તીર્થમાં પહોંચ્યા પર બ્રહ્મચર્ય, વ્રત-ઉપવાસ, મુંડન, તીર્થશ્રાદ્ધ, અન્નદાન, સ્નાન, તીર્થાધિદેવાર્ચન, પ્રદક્ષિણા, તીર્થપુરોહિતનો સત્કાર વગેરે નિયમો નક્કી કર્યા છે. તે જ પ્રમાણે **(૧)** એક નદીતીર્થમાં અન્ય નદીતીર્થના સ્મરણ કે પ્રશંસાથી પુણ્યનાશ **(૨)** નદી પ્રવાહમાંથી બહાર કાઢી લીધેલા

જલની તીર્થરૂપતાનો નાશ (3) તીર્થયાત્રા દરમ્યાન તીર્થમાં ભેટ વગેરે સ્વીકારવાથી માતૃગમનનું પાપ (* તીર્થમાં ભેટ લેવાનો અધિકાર તીર્થપુરોહિતનો જ હોવાથી અન્ય કોઈ બ્રાહ્મણ કે શાસ્ત્રી તીર્થમાં ભેટ નથી લઈ શકતો.).... વગેરે, **નિષેધ અને અપરાધ બતાવ્યા છે** તેના પાછળ પણ ઘણો ગંભીર વિચાર રહેલો છે. પદ્મપુરાણ તો ત્યાં સુધી લખે છે કે,

**નતીર્થે પ્રતિગૃહ્ણીયાત્ પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ, અપિ કામાતુરો જન્તુઃ એકાં રક્ષતિ માતરમ્ ।**

**તીર્થ પ્રતિગ્રહો યસ્તુ તીર્થવિક્રય એવસઃ, વિક્રીતાયાં તુ ગંગાયાં વિક્રીતઃ સ્યાદ્જનાર્દન : ॥**

**જનાર્દન તુ વિક્રીતે વિક્રીતં ભુવનત્રયં, યસ્તુ લૌલ્યાદ્ દ્વિજઃ ક્ષેત્રે પ્રતિગ્રહરુચિર્ભવેત્ ।**

**નૈવ તસ્ય પરો લોકો નાઙ્યં લોકો દુરાત્મન : । (પદ્મપુરાણ)**



**અર્થાત :** ગમે તેટલો કામાન્ધ પુરુષ હોય પણ પોતાની માં ઉપર તો કુદષ્ટિ ન જ કરે. તેમ પ્રાણ સંકટમાં હોય તો પણ યાત્રીએ તીર્થમાં તો કંઈ પણ ભેટ સ્વીકારવી જ નહીં. તીર્થમાં ભેટ લેવી તે તો તીર્થને જ વેચી માર્યું ગણાય. ગંગા-યમુનાને વેચ્યા તે તો સાક્ષાત્ ભગવાનને વેચ્યા બરાબર ગણાય. અને જેણે ભગવાનને વેચ્યા તેણે તો ત્રણે લોકને વેચી માર્યા ! **તેથી જે વ્યક્તિ તીર્થક્ષેત્રમાં ભેટ સ્વીકારવાની વૃત્તિ રાખે છે તે દુરાત્મા છે,** તેના આલોક અને પરલોક બંનેનો નાશ થાય છે.

તીર્થો સ્થાવર તથા જંગમ બન્ને પ્રકારના હોય છે. પર્વત, સરોવર, વૃક્ષ, ક્ષેત્ર યજ્ઞભૂમિ વગેરે સ્થાવર તીર્થ ગણાય છે.

નદી, જો કે, વહેતી હોવાના કારણ જંગમ છે છતાં તેની ગણના સ્થાવર તીર્થમાં જ થાય છે. કારણે કે નદીનું પાણી જયાં સુધી તેના કુદરતી નદીપટ (રિવરબેઝીન) માં વહેતું રહે છે ત્યાં સુધી તો તે તીર્થ રૂપ ગણાય છે, પણ જો નહેર બનાવીને નદીમાંથી પાણી જુદું કરી દેવામાં આવે તો નહેરમાંનું પાણી ગંગા-યમુનાનું જ હોવા છતાં તેની તીર્થરૂપતા રહેતી નથી.

ગંગા-યમુનાની નહેરમાં સ્નાન-પૂજન કરવામાં આવે તો તીર્થમાં સ્નાન-પૂજન કર્યું ગણાતું નથી. **જ્યારે નહેરની પણ તીર્થરૂપતા ન હોય *ત્યારે લોટીમાં ભરેલા જલની તીર્થરૂપતા તો હોય જ ક્યાંથી.*** તેથી જ શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ



(શ્રીગુસાંઈજી) લખે છે કે, તીર્થ પોતાનું સ્થાન છોડ્યા પછી તીર્થરૂપ રહી નથી જતું. "અગ્રિમા દ્વિતીયા આધ્યાત્મિકી તીર્થરૂપા ય ઉદ્ધૃતજલાવિશેષેડપિ મર્યાદામાર્ગ-સમ્બન્ધી યો વિધિઃ તેન તત્રૈવ સ્નાનપૂજાદિભિઃ ફલદા".

**આ સ્થિતિમાં ટાંકા-હોજ-સ્વીમિંગપુલમાં યમુનાજળની લોટી ઠાલવીને ત્યાં કરવામાં આવતા શાસ્ત્રીય વિધિથી તીર્થ પૂજન વગેરેને ધર્મરૂપતા કેટલી ?**

મહર્ષિ દેવલ લખે છે. : **"નદ્યાં સ્નાત્વા નદીમ્ અન્યાં ન પ્રશંસેત્ તુ ધર્મવિત, એકાં નદીં સમાસાદ્ય નાન્યાં સ્નાને નદીં સ્મેરત્ યદિસ્મરેત્ તદા સમ્યક્ તસ્ય પુણ્યં વિનશ્યતિ"**

(દેવલસ્મૃતિ ૫૬૦-૧૦)

ધર્મને જાણનાર એક નદીમાં સ્નાન કરીને અન્ય નદીની પ્રશંસા ન કરે. તે જ પ્રમાણે એક નદીએ જઈને બીજી નદીનું સ્મરણ પણ ન કરે. જો તેમ કરે તો તેના પુણ્યનો નાશ થાય છે.

કેટલી સૂક્ષ્મ વાત છે ! આના મૂળીયા **બ્રહ્મસૂત્રના** "નાના શબ્દાદિભેદાત્" (બ્રહ્મસૂ. ૩/૩/૫૮) સૂત્રમાં રહેલા છે. અનન્યતાની આ પરાકાષ્ટા છે ! જે તીર્થમાં જાઓ ત્યાં તન્મય બનો. બીજા તીર્થનું સ્મરણ અપ્રશસ્ત છે, પ્રસ્તુત તીર્થનો તિરસ્કાર છે તેથી અપરાધ પણ છે. **તાપીના કિનારે જાઓ તો તાપીની જ સ્તુતિ-પૂજન કરો ત્યાં યમુનાજીની ભાવના, પૂજન, ચુંદડી મનોરથ કે કુનવારો કરવો એ તાપી તીર્થનો અપરાધ છે.**



શ્રીગુસાંઈજીના સેવક કિશોરીબાઈએ શ્રીયમુનાજીમાં જૂઠણ વાસણ ધોયા તે અપરાધથી તેમનું આખું શરીર અપંગ થઈ ગયું, પીંગળા બની ગયા જે ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્ર. ૨૦૯ પ્રસંગ -૩ માં પ્રસિદ્ધ છે. તેથી શ્રીહરિરાયમહાપ્રભુ ભાવપ્રકાશમાં લખે છે કે,

**"શ્રીયમુનાજી સાક્ષાત્ રસાત્મક હૈં. સો શ્રીયમુનાજલ હૂ રસરૂપ હૈ. તાતેં વા જલમેં લૌકિક બુદ્ધિ કરિ જો કોઉ બાસન માંજે, કુલ્લા કરે તો વાકોં ઐસી ગતિ હોઈ. <u>તાતેં વૈષ્ણવનકૌં શ્રીયમુનાજલતેં કોઈ કાર્ય કરનો નાહીં. રસોઈ આદિ કછૂ ન કરનો. કેવલ શ્રીઠાકુરજીકી ઝારી ભરે."</u>**

પુષ્ટિમાર્ગીઓને શ્રીહરિરાય મહાપ્રભુનો સ્પષ્ટ આદેશ છે કે પોતાના સેવ્ય શ્રીઠાકોરજીની ઝારી ભરવા સિવાય શ્રીયમુનાજળનો અન્ય કોઈ પણ ઉપયોગ કરવો નહીં. જે શ્રીયમુનાજી પોતે સદા કૃષ્ણભક્તિપરાયણ રહ્યા હોય તેમના જળનો ઉપયોગ કૃષ્ણસેવામાં થાય તેથી વધુ ઉત્તમ સેવા તેમની બીજી શી હોઈ શકે ? **તેથી આજના સમયમાં સ્વસેવ્ય પ્રભુના ઉત્સવ-મનોરથના ઠેકાણે પુષ્ટિમાર્ગીઓને પોતાના ચુંદડી મનોરથ, યાગ, સંપુટી પાઠ કે ગ્રહબાધાનિવારણમાં ઉપયોગ કરાતો જોઈને *મુકુન્દરતિવર્ધિની શ્રીયમુનાજીને* ચોક્કસ નિરાશા થતી હશે.**

**બીજી તરફ માતાના દૂધ સમાન યમુનાજળને લોટીઓમાં**



**ભરી-ભરીને પુષ્ટિમાર્ગીઓ નિર્લજ્જતાથી દેશ-વિદેશમાં વેચી રહ્યા છે તે જોઈને યમુનામાંને જે પીડા થતી હશે તેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. અને તેથી પણ આગળ વધીને હવે તો યમુના જળની લોટીમાં યમુનાજીની પ્રતિષ્ઠા કરીને સાક્ષાત્ યમુનાજીને જ વેચવામાં આવી રહ્યા છે, તે પણ વલ્લભકુળ દ્વારા ! શ્રીયમુનામાં પ્રત્યે કરાતા ક્રુર અત્યાચારની આ પરાકાષ્ઠા છે.**

યાદ રહે કે "અમે તો સવારના ઉઠતાં જ યમુનાજીના દર્શન થાય એટલે બરોબર ઘાટ ઉપરની ધર્મશાલામાં રોકાયા હતા" આવું સગૌરવ કહેનારા યમુના ભગતો યમુના ઉપર દૂધનો અભિષેક કરતા પહેલાં પોતાના મલ-મૂત્રનો અભિષેક કરતા હોય છે. યમુનાનો આવો સમાગમ કઈ સિદ્ધિ અપાવશે ?

૨૧ લીટર દૂધ, ૧૦૧ લીટર દૂધ .... આમ મૂઢ બુદ્ધિના શ્રદ્ધાળુઓ દ્વારા કરતા દૂધના અભિષેકના અતિરેકે, દૂધની વધતી માંગને પહોંચી વળવા તીર્થોમાં દૂધનો વ્યવસાય કરનારા લાલચુ લોકોને પ્રાણ ઘાતક 'સિન્થેટિક દૂધ' બનાવવા પ્રેરિત કર્યા છે જે વિષાક્ત દૂધે અનેક નિર્દોષ લોકોના પ્રાણ હર્યા છે. આવા વિષાક્ત દૂધના અભિષેકથી કયું તીર્થનું ફળ મળવાનું છે ?

## ઉપસંહાર

આ બધા નિરૂપણનો સાર એ છે કે ૧. તીર્થોના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રણ રૂપો છે. ૨. તીર્થના આધિભૌતિક રૂપની સુરક્ષા ભૌતિક ઉપાયો



અને સાવચેતીથી થશે. ૩. આધ્યાત્મિક રૂપની સુરક્ષા શાસ્ત્ર દ્વારા તીર્થસેવન કરનાર માટે નક્કી કરેલ વિધિ-નિષેધોનું કઠોરતાથી પાલન કરવાથી થશે. અને ૪. આધિદૈવિક રૂપની સુરક્ષા તેના પ્રત્યે નિષ્કપટ અનન્ય ભક્તિભાવથી થશે. **બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ...**

## કર્તવ્ય

- એવી કોઈ પણ ધર્મશાળા કે હોટલ માં રહેવું નહીં કે જે તીર્થક્ષેત્રની પાસે હોય. હંમેશા તીર્થથી છેટે જ રોકાવું.
- વ્રજમાં ક્યાંય પણ યમુના પાન-પૂજન-સ્નાન ન કરવા.
- તે માટે યમુનાજી ઊપર બાંધવામાં આવેલ હરિયાણા રાજ્યના હથનીકુંડ ડેમથી આગળ જવું.

◆ ત્યાંનું શુદ્ધ જળ પ્રદૂષિત થાય તેવો કોઈ પણ વ્યવહાર ન કરવો.

◆ લોટીમનોરથોના નામે યમુનાજીની લોટીની ન્યોછાવર લેનારા માતા ઉપર બળાત્કાર કરનારા જેવા પાપી છે. તેમના પાપકર્મમાં સહભાગી ન બનવું.

◆ યમુનાજીને પ્રદૂષણ મુકત કરવા માટે થતા પ્રામાણિક પ્રયાસોમાં તન-મન-ધનથી મદદરૂપ થવું.

◆ આટલું બધું થઈ જવા છતાં તીર્થપુરોહિતોને કેમકે દક્ષિણા-ભેટ મળતી રહે છે તેથી તેઓ નિશ્ચિન્ત છે. તેમને તેઓની જવાબદારીનું ભાન કરાવવું જરૂરી છે.

◆ યમુનાપ્રદૂષણ બાબત વિશ્વભરમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવો.

**નિવેદક : ગોસ્વામી શરદ્**



**શ્રીના અસીમ કૃપાપાત્ર વૈષ્ણવજન .....**

સદૈન્ય ભગવદ્ સ્મરણ નવા વર્ષનાં અભિનંદન સાથે જણાવવાનું કે અધરામૃતની પ્રસાદી પાતળ ભાગ-૬ તૈયાર થઈ રહ્યો છે. ભાગ-૫ માં જણાવ્યા મુજબ ગૃહ સેવાના પ્રકારને શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયની મેંડ મુજબ વણી લેવાનો પ્રયાસ કરેલ છે. જે લગભગ બીજા બે ભાગ સુધી ચાલશે તેવું જણાય છે.

અધરામૃતની પાતળ પ્રગટ કરવામાં વિલંબ થઈ જાય છે તેની પાછળ ઘણાં પરિબળો કામ કરી રહ્યા છે. ભગવદ્ ઈચ્છા હશે ત્યાં સુધી આ કાર્ય ચાલુ રહેશે તેવું અમે દ્રઢ પણે માનીયે છીએ.

જો આપની ઈચ્છા આ પુસ્તિકા દ્વારા અન્ય વૈષ્ણવોને

નૂતનવર્ષાભિનંદન પાઠવવાની હોય તો અમારો સંપર્ક જરૂર કરશો. (ઓછામાં ઓછી ૫૦ પ્રત મોકલી શકીશું વધુ પ્રત અનુકુળતા મુજબ રહેશે પાર્સલ ચાર્જ સહિત લગભગ પ્રત દીઠ રૂા. ૩.૫૦/- ચૂકવવાના રહેશે.)

**નોંધ :-** આ પુસ્તકમાં જ્યાં * છે તે સંકલનકર્તા શ્રીવલ્લભ વિઠ્ઠલ સિધ્ધાંત જીજ્ઞાસુ મંડળ દ્વારા ઉમેરેલું સમજવું.

**નીચે જણાવેલ બાબતો ઉપર ધ્યાન આપશો :-**

૧. પાછળ સરનામાં સાથે તમારો આઈ.ડી. નંબર છે તે નોંધી રાખશો. દરેક વખતે પત્ર વ્યવહારમાં કે ટેલીફોનમાં જણાવશો.

૨. સરનામામાં જો અધૂરી વિગત હોય તો પત્ર લખી કે SMS દ્વારા ધ્યાન દોરશો.



૩. શકય હોય તો તમારૂં પૂરું સરનામું અમને ફરીવાર પીનકોડ, ટેલીફોન, કે મોબાઈલ નંબર સાથે જણાવશો.

૪. એક કરતા વધારે પ્રત તમારે ત્યાં આવતી હોય તો અમને આઈ.ડી. નંબરની જાણ કરશો, જેથી અન્ય વૈષ્ણવને મોકલી શકાય.

૫. અન્ય વૈષ્ણવને સાહિત્ય મોકલીયે તેવું ઈચ્છતા હોવ તો તેમની પૂરી વિગત મોકલશો, તેમને પણ નિઃશુલ્ક મોકલશો. SMS માટે પાછળ મોબાઈલ નંબર આપેલા છે તેનો ઉપયોગ કરશો.

## અમૃતવચનાવલી

(૧) જો કટોરી (ગિરવિ) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકુરજી આપ હી કે દ્રવ્યકો આરોગે સો આપ હી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહીં અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂં ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો; યાકેલિએ ગોઅનકોં ખવાયો અરુ શ્રીયમુનાજીમેં પધરાયો (યહ સુનિકે સબ વૈષ્ણવ ચુપ હોય રહે).

**(મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય : ઘરુવાર્તા-૩).**



(૨) ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવા માટે જે શાસ્ત્રવિહિત શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેવા અનુષ્ઠાનને કર્મમાર્ગીય જાણવું. પોતાની આજીવિકા ચલાવવા માટે જો શ્રવણ-કીર્તન-અર્ચન વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો કૃષિની માફક 'લૌકિક કર્મ' જ કહેવા. જાજરૂ જઈને મલપ્રક્ષાલનાર્થ ગંગાજલ વાપરવા જેવું તે નિષિદ્ધ આચરણ છે; અને આવા દુષ્કૃત્યને કારણે પાપ જ લાગતું હોય છે.

**(શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ : ભક્તિહંસ).**

(૩) "અત્ર ગૃહસ્થાન-વિધાનેન, સ્વગૃહાધિષ્ઠિત-સ્વરૂપ-ભજન-પરિત્યાગેન અન્યત્ર તત્કરણે ભક્તિઃ ન ભવતિ, ઈતિ સૂચિતં ભવતિ : અહીંયાં સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે તેથી, જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન (ભેટ-સામગ્રી-મનોરથ-ઝાંખીરૂપે) કરવામાં આવે તો ભક્તિ થઈ ન કહેવાય."

**(શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી : ભક્તિવર્ધિ.વ્યા.૨).**



## * પુરાણસાર

તીર્થમાં ભેટ લેવાનો અધિકાર તીર્થ પુરોહિતનો
જ હોવાથી અન્ય કોઈ
બ્રાહ્મણ કે શાસ્ત્રી તીર્થમાં
ભેટ નથી લઈ શકતો જો ભેટ વગેરે સ્વીકારે છે
તો માતૃગમનનું પાપ લાગે છે,
શાસ્ત્ર તેને દુરાત્મા ગણે છે.

બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ...